10 ઓગષ્ટ, 2007

# રેમીટન્સ યોજના હેઠળ વારંવાર પુછાતા પ્રશ્નો

# ભારતીય રિઝર્વ બેંકનો પ્રતિભાવ

ભારતીય રિઝર્વ બેંક નિવાસી વ્યકિતઓ માટે વિદેશી ચલણને લગતી સુવિધાઓના વધારે સરળીકરણ તથા ઉદારીકરણના ભાગ રૂપે ફેબ્રુઆરી 2004 માં ઉદારવાદી રેમીટન્સ યોજના (લીબરલાઇઝડ રેમીટન્સ સ્કીમ)ની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ, વ્યકિતઓને મંજુરી આપવામા આવેલ કેપીટલ અથવા ચાલુ ખાતાના વ્યવહારો દ્વારા દરેક નાણાકીય વર્ષમાં 1,00,000 યુ.એસ.ડોલર્સ સુધીની રકમ મોકલી શકશે. આ યોજના તા. ફેબ્રુઆરી 4, 2004 ના રોજથી પરિપત્ર ક્રમાંક એ.પી. (ડીઆઇઆર શ્રેણી) પરિપત્ર સં. 64 દ્વારા અમલમા આવેલ છે. આ યોજનાના સંદર્ભે અમોને પ્રાધિકૃત ડિલર બેંકસ તથા ફોરેન એકસચેન્જ ડિલર્સ અશોસિએશન ઓફ ઇન્ડિયા તરફથી વિવિધ સુચનો મળેલ હતા. તેના ઉપર ચર્ચા કરતા, તેની કાર્યપ્રણાલી ને લગતા વિવિધ મુદ્દાઓ નીચે દર્શાવવામાં આવેલ છે.

પ્ર.1. આ યોજના હેઠળ મંજુરી આપવામા આવેલ કેપીટલ એકાઉન્ટ વ્યવહારો કયા કયા છે તે દર્શાવશો.

આ યોજના અંતર્ગત નિવાસી વ્યકિતને કોઇપણ ચાલુ ખાતાના અથવા કેપીટલ ખાતા અથવા બંને જોડે હોય તેવા વ્યવહારોમા રેમીટન્સની મંજુરી આપવામા આવી છે. આ યોજના અંતર્ગત નિવાસી વ્યકિત ભારતની બહાર, રિઝર્વ બેંકની મંજુરી વગર, સ્થાવર મિલ્કત, શેર અથવા ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ કે અન્ય મિલકતની ખરીદ કરી શકે છે અને તેની માલીકી રાખી શકે છે. કોઇ પણ વ્યકિત ભારત બહારની બેંકોમાં વિદેશી ચલણના ખાતા ખોલાવી રાખી અને વાપરી શકે છે. જો કે, તે સ્પષ્ટ કરવામા આવ્યુ છે કે બહારના એકસચેન્જીસ / બહારની કાઉન્ટર પાર્ટી સાથેના માર્જીનસ અથવા માર્જીન કોલ્સ રેમીટન્સને મંજુરી નથી.

આ યોજના હેઠળ નીચેના મુદ્દાઓમાં રેમીટેન્સની સુવિધા મળશે નહીં :

i. શિડયુલ-I માં કેટલા હેતુઓ (જેવા કે લોટરી / સ્વીપ સ્ટેકસની ખરીદી, ટિકિટો / પ્રતિબંધિત મેગેઝીન્સ વિગેરે) અથવા વિદેશી મુદ્રા પ્રબંધ (ચાલુ ખાતાના વ્યવહારો) નિયમ 2000 નાં શિડયુલ-II ના અંતર્ગતની મનાઇ કરવામાં આવેલ હેતુઓ.

ii. ભુતાન, નેપાળ, મોરેશિયસ અથવા પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મોકલેલુ રેમીટન્સ

iii. સમયાંતરે ફાયનાન્સિયલ એકસન ટાસ્ક ફોર્સ દ્વારા બિન સહકાર આપતા દેશો અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ રેમીટેન્સ તરીકે જાહેર કરાયેલ ખાતે આંતકવાદી દેશ

iv. આરબીઆઇ દ્વારા બેંકોને અલગ પણે જાહેર કરવામાં આવેલ વ્યકિત અથવા સંસ્થા કે જે આંતકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય તેવી વ્યકિત અથવા સંસ્થાને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રેમીટન્સ

પ્ર.2. શુ આ સુવિધા હાલમા શિડયુલ – III મા જાહેર કરાયેલ રેમીટન્સ સુવિધાઓ ઉપરાંતની છે ?

હા, આ યોજના અંતર્ગતની સુવિધાઓ હાલમા મળતી ખાનગી પ્રવાસ, વ્યાવસાયિક પ્રવાસ, ભણતર, દાકતરી સારવાર વિગેરે માટે (ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ ચાલુ ખાતાના વ્યવહારો) નિયમ – 2000 અંતર્ગતની સેવા ઉપરાંતની છે. આ યોજના નો ઉપયોગ આ હેતુઓ માટે પણ થઇ શકે છે. જો કે ભેટ-સોગાદો તથા દાનને લગતા રેમીટન્સ અલગથી મંજુર રાખવામાં આવતા નથી તથા તેમને આ યોજના હેઠળ જ આવરી લેવાના રહે છે. આ રીતે નિવાસી વ્યકિત 1,00,000 યુએસ ડોલર્સ પ્રતિ નાણાકીય વર્ષ સુધીની ભેટ સોગાદો અને દાન માટે રેમીટન્સ કરી શકે છે.

પ્ર.3. શુ નિવાસી વ્યકિતઓને આ યોજના હેઠળ, મુદ્દલ રકમ ઉપરાંત તેમના પરદેશના રોકાણો પર થતી આવક દેશમા પરત લાવવાની રહે છે ?

રોકાણકાર તેના રોકાણ પરની આવક વ્યાજ રાખી તેનુ પુનઃ રોકાણ કરી શકે છે. હાલ રોકાણકારોના આવા પ્રકારની આવક દેશમા પરત લાવવું ફરજીયાત નથી.

પ્ર.4. યોજના અંતર્ગતનુ રેમીટન્સ ગ્રોસ બેસીસ પર રહેશે કે નેટ બેસીસ પર (વિદેશમાંથી સ્વદેશની નેટ) ?

આ યોજના અંતર્ગત રેમીટન્સ ગ્રોસ બેસીસ પર રહેશે.

પ્ર.5. શું સગીર વયના લોકો આ યોજનાનો લાભ લઇ શકે ?

આ યોજના સગીર વયના લોકો સહિત તમામ નિવાસી વ્યકિતઓ માટે ઉપલબ્ધ છે.

પ્ર.6. શુ આ યોજના હેઠળનુ રેમીટન્સ પરિવારના સદસ્યો માટે સહિયારૂ ગણી શકાય ?

હા, આવુ થઇ શકે જો દરેક સભ્ય આ યોજનાની શરતોનું પાલન કરતા હોય તો.

પ્ર.7. શુ આ યોજનાનો ઉપયોગ પ્રત્યક્ષ અથવા હરાજી કરતા વ્યાપારીઓ પાસે કલા-કારીગીરી (ચિત્રો વગેરે) ની વસ્તુઓની ખરીદ માટે કરી શકાય ?

હા, આ યોજનાનો ઉપયોગ કલા-કારીગીરીની વસ્તુઓની ખરીદી માટે કરી શકાય જો તેને લગતા અન્ય કાયદાઓ (જેવા કે ભારત સરકારની વર્તમાન વિદેશી વ્યાપાર નીતિ વિગેરે)નુ પાલન થતુ હોય તો.

પ્ર.8. શું 5000 યુએસ ડોલર્સ (ભેટ, સોગાદો, દાન વગેરે) નાં નાના મુલ્યના રેમીટન્સ 1,00,000 યુએસ ડોલર્સના એલઆરએસ ઉપરાંત છે ?

ભેટ સોગાદો અને દાનને લગતા રેમીટન્સ અલગથી નથી કરી શકાતા આવા રેમીટન્સીસ આ યોજના હેઠળ જ કરવાનાં રહે છે અને તેથી આવા રેમીટન્સ માટે અલગથી કોઇ મર્યાદા નથી.

પ્ર.9. શું ઓથોરાઇસ ડીલર્સ રેમીટેન્સીઝની મંજુરીની ચકાસણી વ્યવહારના પ્રકાર ઉપર કરવાની રહે છે કે પછી તેને રેમીટર્સના ડિકલેરેશન ઉપરથીજ સ્વિકારાય છે ?

એડી રેમીટર્સ દ્વારા જાહેર કરાયેલ રેમીટન્સના પ્રકારના પ્રમાણે કાર્ય કરે છે તથા તે વ્યવહારની ખરાઇ આરબીઆઇના નિર્દેશો મુજબ કરે છે.

પ્ર.10. શું આ યોજના હેઠળ ગ્રાહક ઇએસઓપીએસ મેળવવા માટે નાણા રેમીટ કરી શકે ?

હા, આ યોજના હેઠળ ગ્રાહક ઇએસઓપીએસ મેળવવા માટે નાણા રેમીટ કરી શકે છે.

પ્ર.11. શું આ યોજના એડીઆર / જીડીઆર સાથે સંકળાયેલ ઇએસઓપીએસ મેળવવા (5 કેલેન્ડર વર્ષમાં 50,000 યુએસ ડોલર્સ) ઉપરાંતની છે ?

હા, આ યોજના, એડીઆર / જીડીઆર સાથે સંકળાયેલ ઇએસઓપીએસ મેળવવા ઉપરાંતની છે.

પ્ર.12. શુ આ યોજના કંપનીના કવોલીફીકેશન શેર મેળવવા (યુએસ ડોલર્સ 20,000 અથવા દેશ બહારની કંપનીના પેઇડ અપ કેપીટલ નાં 1% હિસ્સો, જે ઓછુ હોય તે) ઉપરાતંની છે ?

હા, આ યોજના કવોલીફીકેશન શેર મેળવવા ઉપરાંતની છે.

પ્ર.13. શું કોઇ નિવાસી વ્યકિત આ યોજના હેઠળ મ્યુચ્યુઅલ ફંડ, વેન્ચ્યોર ફંડ, અને રેટેડ ડેબ્ટસ રેટીંગ વગરની સિકયુરીટી, પ્રોમીસરી નોટસ વિગેરે માં નિર્દેશ કરી શકે ?

હા, તેઓ આવુ કરી શકે. નિવાસી વ્યકિત આવી સિક્યુરીટીમા તેણ દેશ બહાર ખોલાવેલ ખાતામાંથી નિર્દેશ કરી શકે.

પ્ર.14. શું કોઇ વ્યકિત કે જેણે દેશ બહાર બિન-નિવાસી તરીકે લોન લીધી હોય તે ભારતમા પાછા આ યોજના હેઠળ આ લોન ભરપાઇ કરી શકે ?

હા. તે આવુ કરી શકે.

પ્ર.15. શુ નિવાસી વ્યકિત આ યોજના હેઠળ બાહ્ય રેમીટન્સ કરવું હોય તો તેની પાસે પાન (PAN) હોવો જરૂરી છે ?

હા. આ યોજના હેઠળ રેમીટન્સ માટે પાન (PAN) જરૂરી છે.

પ્ર.16. જો કોઇ નિવાસી વ્યકિત ડિમાન્ડ ડ્રાફટ ધ્વારા બાહ્ય રેમીટન્સ કરવા વિનંતી કરે (તેના પોતાના નામે અથવા લાભાર્થીના નામે કે જેની સાથે તે મંજુર વ્યવહાર કરવા માંગતો હોય) જયારે તે ભારત બહાર ખાનગી મુલાકાતે ગયેલ હોય ત્યારે, શું રેમીટર્સ પોતાના ડીકલેરેશનથી આવુ બાહ્ય રેમીટન્સ થઇ શકે ?

હા. આ યોજનામા આપેલ મુસદ્દા પ્રમાણે ડિકલરેશન કરવામા આવે તો ડીડી દ્વારા બાહ્ય રેમીટેન્સ યોગ્ય ગણી શકાય છે.

પ્રેસ રીલીઝ : 2007-2008/229

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય મહા પ્રબંધક